# યુવાશક્તિ જવાબદારી નહીં, અસ્ક્યામત બને

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યપાલ ઓ. પી. કોહલીએ જણાવ્યું છે કે, યુનિવર્સિટીઓમાંથી પાસ થઈને બહાર નીકળનારા વિદ્યાર્થી બૌદ્ધિક અને વ્યવસાયિક રીતે સક્ષમ હોવા સાથે સમાજ સાથે નિસબત ધરાવતાં સંવેદનશીલ હોવા જોઈએ. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે યોજાયેલ ચોથા વાર્ષિક પદવીદાન સમારોહમાં તેમણે જણાવ્યું કે, વિશ્વ જ્યારે ગ્લોબલ વિલેજ બન્યું છે ત્યારે વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મિલાવી શિક્ષણમાં બદલાવ લાવવો આવશ્યક છે.

રાજ્યપાલે જણાવ્યું કે, ડો. બાબાસાહેબ આંબેડકરે જે માર્ગ પ્રશસ્ત કર્યો હતો તે માર્ગે પાસઆઉટ થનાર વિદ્યાર્થીઓ ચાલે અને તે રીતે સમાજનું ઋણ ચૂકવે.

તેમણે કહ્યું કે, પરંપરાગત શિક્ષણ સાથે દૂરવર્તી શિક્ષણ પણ ખૂબ જ ઉપયોગી છે. જે લોકો શિક્ષણથી વંચિત રહ્યા છે તેઓ તેમના ધંધા- વ્યવસાય સાથે શિક્ષણ મેળવી શકે તેવી તક આવી ઓપન યુનિવર્સિટીઓ પૂરી પાડે છે.

યુનિવર્સિટી દ્વારા નવું શરૂ કરવામાં આવેલ સ્પેશિયલ સપોર્ટ સેન્ટર, દિવ્યાંગ, આદિજાતિ તથા છેવાડાના લોકો સુધી વિશિષ્ટ શિક્ષણ આપી અને તેઓને પગભર કરવા જે પ્રયત્ન કરી રહ્યું છે તેની રાજ્યપાલે સરાહના કરી હતી.

તેમણે કહ્યું કે, ભારતમાં યુવા શક્તિનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે યુવાશક્તિ જવાબદારી નહીં, પરંતુ અસ્ક્યામત બને તે દિશાનું શિક્ષણ યુનિવર્સિટીઓ દ્વારા અપાય કે આજની તાતી આવશ્યકતા છે.

યુનિવર્સિટી દ્વારા યોજાયેલ કોન્ફરન્સ અંગેની પુસ્તિકાઓનું વિમોચન પણ રાજ્યપાલે આ તકે કર્યું હતું.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, વિભક્ત કુટુંબની વ્યવસ્થા ફુલીફાલી તેમ-તેમ શિક્ષણ અને સલામતીની ભાવના બળવત્તર બની ગઈ છે અને તેમાંથી શિક્ષણ ન માત્ર નોકરી- વ્યવસાય માટે પરંતુ પોતાના અને કુટુંબમાં વિકાસ માટે પણ જરૂરી છે એવો ખ્યાલ વિકસિત થયો છે. પદવી લેવા ફૂખમાં બાળક લઈને આવેલી વિદ્યાર્થીનીની સરાહના કરતા તેમણે કહ્યું કે, પહેલાં જ્યાં મહિલાઓને શિક્ષણ આપવાની માનસિકતા નહોતી તેવી સમાજ વ્યવસ્થામાં શિક્ષણ લેવાનું મહત્વ આજે વધ્યું છે જે મહિલા સશક્તિકરણની સારી નિશાની છે

તેમણે કહ્યું કે, વિશ્વમાં દેશનું અસ્તિત્વ ઉન્નત બનાવવા માટે દેશ એક હોય તે જરૂરી છે. ડૉ બાબાસાહેબે જ્ઞાતિ-જાતિના વાડા તોડી એક દેશ- સમર્થ દેશનો ખ્યાલ સામાજિક એકતા અને સામાજિક સમરસતા થકી આપ્યો હતો, જે આજે પણ એટલો જ પ્રસ્તુત છે.

ઈન્દીરા ગાંધી ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડો. નાગેશ્વર રાવે જણાવ્યું કે, ભારત જેવા વૈવિધ્યપૂર્ણ અને વસ્તીની બહુલતા ધરાવતા દેશમાં મૂક્ત અને દુરસ્ત શિક્ષણ ખૂબ જ ઉપયોગી છે.

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ અમીબેન ઉપાધ્યાયે યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલ વિવિધ પાસાઓ વિશેની વિસ્તૃત વિગતો અને યુનિવર્સિટીની માંગ આધારિત પ્રવેશથી માંડી, માંગ આધારિત પરીક્ષાની દિશામાં સજાગ રીતે કાર્યરત છે તેની ભૂમિકા આપી હતી.

આ પદવીદાન સમારોહમાં રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે, ફુલ સચિવ ભાવિન ત્રિવેદી, પ્રાધ્યાપકો, ડીગ્રી-ડિપ્લોમા મેળવનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ,વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી

**કાલુભાઈ એમ દેસાઈ**
એડવોકેટ
મો. ૯૮૭૯૪ ૭૧૦૩૭

**ઉમાંગી વિનોદ રાઠોડ**
મો. ૯૪૨૬૨ ૭૯૪૧૯

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટ્સ દ્વારા

# ૪ દિવસીય ભવ્ય સંગીતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટ્સ દ્વારા સયુંકત રીતે એક સંગીતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પદ્મશ્રી સંગીત માર્તંડ પં.ઓમકારનાથ ઠાકુર અને ગુજરાતી સુગમસંગીતજ્ઞ સ્વ રાસ બિહારી દેસાઈની જન્મતિથી તેમજ વિશ્વ સંગીત દિવસના ઉપલક્ષ્યમાં ભવન્સના જે. એ. ઓડીટોરીયમ ખાતે ૨૧મી જુનથી ૨૪મી જુન, સાંજે ૮:૩૦ કલાક દરમ્યાન સતત ૪ દિવસના આ ભવ્ય સંગીતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૨૧મી જૂને સાંજે ૮:૩૦ કલાકે આ ઉત્સવ નું દીપપ્રાગટય સાથે ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. દીપપ્રાગટય દરમ્યાન જાણીતા સંગીતજ્ઞ અને અવિનાશ વ્યાસના સુપુત્ર ગોરાંગ વ્યાસ, જાણીતા ગાયિકા અને સંગીતજ્ઞ વિભાબેન દેસાઈ અને ભારતીય વિદ્યા ભવનના માનદ મંત્રી મુકેશ પટેલ ખાસ હાજરી આપીને સંગીતોત્સવને ખુલ્લો મુક્યો હતો. ત્રીજો દીવસે સ્વ. શ્રી રાસબિહારી દેસાઈના જન્મદિન નિમિતે સ્વરાંજલિ આપતા સાંજે ૮.૩૦ કલાકે ગુજરાતી સુગમ સંગીતની રજુઆત થઈ હતી, જેમાં જાણીતા ગાયક પ્રહર વોરા અને જાણીતા ગાયિકા સંપદા વોરા દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. ત્યારબાદ માતાજી સ્તુતિ કરતા સંપદા વોરાએ "માડી તારા મંદિરીયે ઘંટારવ", "રાધાનું નામ", "આંખો ભીની" જેવી સુંદર રચનાઓ રજુ કરી હતી, જેસલ શ્રીમાળી દ્વારા "હેજી વાહલા સાવ રે અધૂરું", "જેણે મને જગાડ્યો", "કાગળના કોળિયા" જેવી રચના પ્રસ્તુત કરી હતી. હેતલ રાવલે "જય વૃંદાવન કુંજબિહારી", "મારુ ચોમાસુ ક્યાંક આસપાસ છે" હે.. ઓધાજીની રજૂઆત કરી હતી. દક્ષ છાયા દ્વારા "મોરપીંછની રજાઈ", "કસમ દીધા છે" જેવી રચનાઓ પ્રસ્તુત કરાઈ હતી.આ કાર્યક્રમનું સંચાલન ભૂષણ ઓઝાએ કાર્ય હતું અને રાસસાહેબને શબ્દાંજલી અર્પણ કરતા રાસ બિહારી દેસાઈના જીવનના મધુર પ્રસંગોની રજૂઆત કરી હતી. આ સંગીતતોત્સવ જાહેર જનતા માટે નિઃશુલ્કપણ યોજાયો હતો.

## શ્રી ઉત્તર દશકોઈ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૪

શ્રી ઉત્તર દશકોઈ કડવા પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટના હોદ્દેદારોની સામાન્ય સભા શ્રી વી. ડી. પટેલ વિદ્યાસંકુલ, કુડાસણ, ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં ટ્રસ્ટના સભ્યો દ્વારા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ તરીકે બાબુલાલ એન. પટેલ, ઉપપ્રમુખ તરીકે લક્ષ્મણભાઈ આઈ. પટેલ, મંત્રી તરીકે હર્ષદભાઈ કે. પટેલ, સહમંત્રી તરીકે અજીતભાઈ કે. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## જે બી પ્રાથમિક શાળામાં યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

યોગ, સંરક્ષણ, સ્વચ્છતા અને વ્યક્તિત્વ આ સર્વ માનવવિકાસના પાયાના એકમો ગણાય છે. ભારતીય પ્રાચીન યોગવિદ્યા જગતમાં હવે સર્વત્ર માન્યતા પ્રાપ્ત કરી પ્રચલિત બની છે. બાળકોનાં મનની સ્થિરતા, તનની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગનિષ્ણાત જે સી પટેલના માર્ગદર્શન હેઠળ તમામ વિદ્યાર્થીઓએ રસપૂર્વક યોગાભ્યાસ કર્યો હતો.

આચાર્ય નીવાબેન પટેલે યોગનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવી જે સી પટેલ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

# તમે હરણ હો કે સિંહ, સૂર્યોદય થાય એટલે દોડવું તો પડે જ

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૨ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચન-માળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિ વિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં દર્શન-તત્ત્વજ્ઞાન વિષયના ભાગરૂપ 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'સફળતાના સુદૃઢ સોપાનો ઉપર ૮૮મા પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના વિદ્વાન વક્તા : શ્રી સ્વામિનારાયણ મંદિર, વડોદરાના પૂ. જ્ઞાનવત્સલદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. આશરે ૩૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

'સફળતાના સુદૃઢ સોપાનો વિષય પર પ્રકાશ પાડતાં પૂ. જ્ઞાનવત્સલદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદીમાં મકાનો બહું સારા થયા પણ માણસો તૂટતા ગયા. ઘરમાં આવક વધતી ગઈ પણ છૂટાછેડા વધતા રહ્યા. માર્ગો પહોળા થયા દૃષ્ટિકોણ સંકુચિત થતા ગયા. સંબંધો છીછરા થતા ગયા. અણુના વિઘટનથી પ્રચંડ શક્તિનું સર્જન શકય બન્યુ પરંતુ પૂર્વગ્રહ તોડવો અઘરું બન્યું છે. દેખાડવા માટે ઘણી બધી વસ્તુઓ છે. પણ હૃદયમાં સમાવવા માટે કંઈ નથી. મનમાં ઈચ્છા છે કે સફળતા મેળવવી છે. તે કર્તવ્ય છે અને મનુષ્યનું ગૌરવ પણ છે. ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં સફળતા મેળવવા અંગેના બહુધા સિદ્ધાંત, નીતિ-નિયમો, વર્તન અને ભાવ સમાન જ હોય છે.

થાકી જાવ, હારી જાવ, બેસી જાવ તો કોઈ વાત બનતી નથી. સમજણ સાથેનો નિઃસ્વાર્થ પુરુષાર્થ પાયાની બાબત છે. જીવનમાં ફક્ત પ્રગતિ નહિ, સફળતાની પણ જરૂર છે.. સફળતા એટલે અનેક પ્રકારની પ્રગતિઓ. ખાલી વેપાર ધંધામાં આગળ વધ્યા તે પ્રગતિ છે સફળતા નથી. પૂર્ણ રૂપે આપણું માનવ તરીકેનું વ્યક્તિત્ત્વ ખીલી ઊઠે તેને સફળતા કહેવાય.

હંમેશા સિદ્ધાંતો, મૂલ્યો સાથે રાખીને જ કામ કરવાનું છે. એકલો પુરુષાર્થ હોય તેની કોઈ જ કિંમત નથી. સિદ્ધાંતો, મૂલ્યો અને નીતિ-નિયમ સાથે પુરુષાર્થ કરો તો તે કામ જુદી રીતે દીપી ઊઠે. પ્રથમ સખત પરિશ્રમ કરવાનો હંમેશાં વિચાર રાખવો. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. પરિશ્રમથી પ્રગતિ અને સફળતા ચોક્કસ પ્રાપ્ત થાય છે. કઠોર પરિશ્રમ મનુષ્ય જીવનનું કર્તવ્ય છે. જે કોઈ મહાપુરુષો ઉચ્ચ કક્ષાએ પહોચ્યા છે તેમના જીવનમાં બહુ જ મોટી આદત હતી સખત પુરુષાર્થની.

મહાપુરુષોએ જે સફળતાઓ પ્રાપ્ત કરી છે અને જે સફળતાના શિખરે પહોચ્યાં છે તે કઈ રાતો રાત પહોચ્યા નથી. તેઓએ જ્યારે તેમના સાથીઓ ચેનની નિદ્રામાં સૂતા હતા ત્યારે રાત્રે મોડે-મોડે સુધી જાગીને કામ કર્યાં છે. ત્યારે આ કક્ષાની સફળતા પ્રાપ્ત થઈ છે.

આફ્રિકામાં એક કહેવત છે, "ધીમામાં ધીમું જે હરણ હોય તેને ઝડપીમાં ઝડપી સિંહ કરતાં થોડુંક તો ઝડપી દોડવું પડે નહિ તો એ સાંજ જુએ નહિ. તેનો શિકાર થઈ જશે. અને જે ધીમામાં ધીમો સિંહ હશે તેને પણ ધીમામાં ધીમું જે હરણ હશે તેનાથી થોડુંક તો ઝડપી દોડવું પડશે. તો જ એ સાંજ જોશે. નહિ તો તે ભૂખ્યો મરી જશે. સિદ્ધાંત એ છે કે, તમે હરણ હો કે સિંહ હો સૂર્યોદય થાય એટલે દોડવું તો પડે જ. તે પૃથ્વી પરના અસ્તિત્વનું કારણ છે. ભગવાને તંત્ર એવું ગોઠવેલું છે કે બધાએ દોડવું પડે.

વ્યાવહારિક જીવનમાં નીતિ-નિયમમાં રહી પુરુષાર્થ કરવાનો છે. નીતિ-નિયમથી જે પ્રગતિ થાય તે ધીમી થાય પણ મક્કમ થાય છે.

સફળતા માટે બીજી મહત્વની બાબત કાર્ય અને વ્યક્તિગત પ્રયત્ન વચ્ચે સંતુલન છે. વ્યક્તિ વ્યાવસાયિક પ્રયત્નમાં ગમે તેટલી સફળ હોય પરંતુ વ્યક્તિગત પ્રયત્નમાં સ્થિર ન હોય તો નિષ્ફળ ગણવામાં આવે છે.

વ્યાવસાયિક અને વ્યક્તિગત પ્રયત્નમાં સંતુલન માટે

૮+૮+૮ના સિદ્ધાંતને અનુસરવો જરૂરી છે. જે મુજબ દિવસના ૨૪ કલાકમાંથી પ્રથમ ૮ કલાક કામને સમર્પિત કરવા. કઠોર પુરુષાર્થનો કોઈ વિકલ્પ નથી. તેથી આયોજન સાથે નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ તો કરવાનો જ છે. બીજા ૮ કલાક ઉંઘ અને આરામને આપવા જે ભવિષ્યમાં સારી શારીરિક અને માનસિક સ્થિતિ જાળવવા માટે જરૂરી છે. ત્રીજા ૮ કલાક ખૂબ અગત્યનાં છે. તેને ત્રણ F એટલે કે ફેમિલી, ફ્રેન્ડ્ઝ અને ફેઈથ, ત્રણ H એટલે કે હેલ્થ, હાઈજીન અને હોબી અને ત્રણ જી એટલે કે સોલ, સર્વિસ અને સ્માઈલ માટે ઉપયોગમાં લેવા. જે વ્યક્તિઓને આપણી ચિંતા હોય, આપણું ધ્યાન રાખતા હોય, આપણી દરકાર હોય તેમની સાથે સમય વિતાવવો જરૂરી છે. વિશ્વના પાંચ ખંડના ૧૧૦ દેશોના જુદા જુદા ધર્મ, જાતિ, રંગ અને સભ્યતા ધરાવતા ૧ લાખ કુંટુબના હાવર્ડ યુનિર્વસિટીએ કરેલા અભ્યાસમાં 'કઈ બાબતમાં વધુ આનંદ આવે ?' તેવા મુખ્ય પ્રશ્નના અનુસંધાને ૬૭% ઉત્તર હતો કે જે વ્યકિતને તમારા માટે પ્રેમ, લાગણી અને આદર હોય તેમની સાથે સમય વિતાવવો તે છે.

મહિનાના ૨૪ વર્કિંગ દિવસોમાંથી કામના કારણે ત્રણ-ચાર દિવસ ઘરે પરત જવામાં વિલંબ થાય તો કદાચ ક્ષમ્ય ગણી શકાય. વધુ દિવસો માટે આવો વિલંબ પ્રયત્ન અને આયોજનથી ખાળી શકાય પરિવારમાં સંસ્કાર અને સંસ્કૃતિનું જતન સફળતા માટે આવસ્યક છે. પ્રમુખસ્વામી મહારાજ કહેતા જો તમે તમારા બાળકને સંસ્કાર નહીં આપો તો તમારે 'સંપતિ અને સંતતિ' બંને ગુમાવવાનો વારો આવશે.

કાર્ય અને વ્યકિતગત જીવનમાં સંતુલનને અનુલક્ષીને વ્યવસ્થા તંત્રમાં 'Detached Attachment'ની બાબત અમલમાં આવી છે. જે મુજબ કામ સાથે લગાવ રાખવાનો પરંતુ કામથી પરત ફરીએ ત્યારે લગાવથી મુક્ત થઈ જવા જણાવવામાં આવે છે.

સફળતા માટે ત્રીજી અગત્યની બાબત જીવનમાં અધ્યાત્મનુ મહત્ત્વ સમજવાનું છે. છેલ્લા ૨૦ વર્ષમાં અગાઉના ૨૦૦ વર્ષ કરતા વધારે સંશોધનો થયા છે. જે સંશોધનો થયા છે. તેમાંથી ૯૦% વિજ્ઞાન અને ટેકનોલૉજી, હેલ્થ, મેનેજમેન્ટ અને સામાજીક સંબંધોના ક્ષેત્રમાં થયા છે. આ તમામ સંશોધનો અધ્યાત્મનો નિર્દેશ કરે છે. જીવનમાં શુ કરવું છે તે ધ્યેય, હેતુની સ્પષ્ટતા અને સ્થિરતા માટે અધ્યાત્મ જરૂરી છે. યુનિવર્સિટી ઓફ ફિલાડેલ્ફીયાએ અમેરિકાની અલગ-અલગ ધર્મ, જાતિ, રંગ, સભ્યતા અને વય જૂથની વ્યક્તિઓ ઉપર ભગવાન સાથેના સંબંધથી મનુષ્ય જીવનને થતી અસર અંગે ખુબ જ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરેલા તારણોએ જણાવ્યું છે કે જુદા જુદા વયજૂથમાં યાદશક્તિ, ઈચ્છાશક્તિ અને આત્મવિશ્વાસ, અચાનક આવી પડતી મુશ્કેલીનો સામનો કરવાની શકિત તથા રોગપ્રતિકારક શક્તિમાં ૧૫-૨૫% વધારો જોવા મળ્યો છે. શાસ્ત્રો મુજબનું પવિત્ર જીવન તથા ભગવાન પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ સફળતા માટે આવશ્યક માનવામા આવ્યા છે. વ્યવસ્થા તંત્રમાં Saintly Experience એટલે કે નમ્રતા, વિવેક, આદર જેવા સદ્-ગુણોએ યુકત પ્રબંધક જેવી બાબત અમલમાં આવી છે.

ભૂલો અને નિષ્ફળતામાંથી શિખવાની અને માર્ગ કાઢવાની કુનેહ જીવનમાં સફળતા મેળવવા માટે આવશ્યક છે. દરેક મહાપુરુષોના જીવનમાં અન્યાય, ઉપેક્ષા, પક્ષપાત, દુઃખ અને અપમાન જેવા પ્રશ્નો આવ્યા છે અને તેઓ કુનેહપૂર્વક તેમાથી બહાર આવ્યા છે. તેનાથી તેમનું કલેવર ઘડાયું છે. વિચાર અને અભિગમ સવળા તથા ઊંચા રાખવા. એક વિચાર સતત રાખવો કે આજે જે બનશે તે મારા સારા માટે બનશે. ક્યારેય ચિંતામાં મૂકાવું નહિ.

પ્રતિકૂળ પરિસ્થિતિ, વિરોધ અને પ્રશ્નો વ્યક્તિગત જીવનમાં તથા તે કાર્ય કરતા હોઈએ તેમાં આવશે જ. આવશ્યક છે કે તે વખતે હકારાત્મક અભિગમ રાખવો અને સિદ્ધાંત, મૂલ્યો કે કાર્ય પડતા ન મૂકવા. એક ઉકિત અનુસાર લપસવુ એ ગુનો નથી પણ ત્યાર બાદ ઉભા થવાનો પ્રયત્ન ન કરવો તે ગુનો છે. કાર્ય કરતા ભૂલ થશે અને તેમાંથી જ શીખવા મળશે. રોજ ભૂલ થાય તે ચાલશે પણ ભૂલ નવી હોવી જોઈએ. સાચા માર્ગે કાર્ય કર્યું હોય, મૂલ્યનિષ્ઠા હોય અને જીવનમાં અધ્યાત્મની બાબત સ્વીકારી હોય તો ઉભા થતા પ્રશ્નોમાંથી ઝડપથી બહાર આવી શકાશે. ટૂંકમાં પ્રચંડ પુરુષાર્થ, વર્ક લાઈફ બેલેન્સ, જીવનમાં અધ્યત્મ, નિષ્ફળતામાંથી કેવી રીતે બહાર આવવું અને ઘરસભા તે સફળતાના સુદૃઢ સોપાનો છે.

પ્રવચનને અંતે પૂ. જ્ઞાનવત્સલદાસ સ્વામીએ શ્રોતાઓના પ્રશ્નોના જવાબ સંતોષકારક આપ્યા હતા. પ્રવચનના અંતમાં પ.ભ. શરદભાઈ રાવલે આગામી ૮૯મી પ્રવચનમાળાના 'શાસ્ત્ર' વિષયમાં 'નિષ્કુળાનંદ કાવ્ય-પ, વચનવિધિ'ની રૂપરેખા આપી શાબ્દિક આભાર વિધિ કર્યો હતો.

## ગાંધીજીનો વિનોદ

॥ ૬ પમો મણકો ॥

**મુક્ત હાસ્ય**

મહાત્માજીમાં બાળકના જેવી હાસ્યવૃત્તિ છે.

- એંગથા હૅરિસન

એ પલકારા મારતું હાસ્ય છે.

- જે. એફ. હૉરેબીન

એમનું સ્મિત આનંદદાયક છે. એમનું હાસ્ય ચેપી છે અને તેઓ ચોમેર પ્રસન્નતાનાં કિરણો ફેંકે છે. એમનામાં એક પ્રકારની બાલ્યવૃત્તિ છે જે મુગ્ધ કરે છે. તેઓ ઓરડામાં પ્રવેશ કરે છે ત્યારે જાણે પોતાની સાથે વાતાવરણ પ્રસન્ન કરનારો સ્વચ્છ પ્રાણવાયુ લેતા આવે છે.

મહાત્માજીનું હાસ્ય જોવાનું સૌભાગ્ય જેમને મળ્યું નથી, તે મહાત્માજીને ઓળખતો નથી.

જેમનું સ્મિત જોઈ બીજાં સૌ દુખ વિસરી જતાં અને છેવટની ક્ષણ સુધી જેમની આંખોમાંથી હાસ્યનો પ્રકાશ વેરાતો એવા આપણા ગુરુ તરીકે તેમની આપણને સ્મૃતિ રહેશે.

- જવાહરલાલ નેહરુ

તેઓ એવા વિરલ માનવ હતા કે જેમને સદાય હસવું ગમતું અને હસનારાની સોબત પણ ગમતી.

- રાજાજી

તેઓ છેવટ સુધી ખુશમિજાજમાં રહેશે અને મૃત્યુને પણ હસતાં હસતાં જ ભેટશે.

- સરોજિની નાયડુ

અને કેવું એ દિવ્ય સ્મિત ! વજ્રહૃદયોને પણ એ અલબત્ત, પિગળાવી નાખે. એમના હોઠ પર હંમેશાં મુગ્ધ સ્મિત રમ્યા કરતું.

- નંદલાલ બોઝ

હાસ્યવિનોદથી એ ભરપૂર છે અને ખૂબ આકર્ષક રમૂજવૃત્તિ ધરાવે છે. એમનાં અત્યંત બુદ્ધિપ્રધાન ભક્તોમંના એક આચાર્ય કૃપલાનીએ એક વખત એવી ટકોર કરેલી કે કોંગ્રેસ એ ગાંધીજીની રાજનીતિનું પ્રતિનિધિત્વ ધરાવે છે, આશ્રમ એમની ભવ્યતાનું તથા ગૂજરાત વિદ્યાપીઠ એમના હાસ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

- યુસુફ મહેરઅલી

ગાંધીજીનું હાસ્ય જોઈ મન ભરાઈ ગયું. શિશુસરલ હાસ્ય મોટી ઉંમરનાં માણસોનાં મુખ પર જોવાનું સૌભાગ્ય જીવનમાં જવલ્લે જ મળે છે. મહાત્માજીનું હાસ્ય શિશુનું હાસ્ય છે.

- દિલીપકુમાર રૉય

અરે ! તેમની વિનોદવૃત્તિ.... તે તો ખરે જ તેમના પ્રત્યે સન્માન પ્રેરે એવી હતી. હકીકતમાં મને એમ લાગે છે તેમની આ વિનોદવૃત્તિએ જ તેમને જીવતા રાખ્યા હતા.

- રૈહાના તૈયબજી

બાપુજીમાં કેટલો બધો વિનોદ ભરેલો છે તે જોવા માટે એમની સાથે બહુ લાંબા પરિચયની આવશ્યકતા નથી પડતી. એમના વિનોદના ટુચકાઓ કોઈ ભેગા કરે તો એક ઠીક દળનું પુસ્તક થાય એમ સંભવે છે. અલબત્ત, લોકમાન્યના અને બાપુજીના વિનોદમાં ઘણું અંતર છે. મહારાષ્ટ્રના હાજરજવાબી, દંશયુક્ત, ધૂર્ત, પહોંચેલ કટાક્ષની બાપુજીમાં આશા રાખવી વધારે પડતી ગણાય.

- કિશોરલાલ મશરૂવાળા

**'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર**